# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-11-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ G20 જોહાનિસબર્ગ શિખર સંમેલનથી અલગ વિશ્વના નેતાઓ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી.

2) ભારત, ઓસ્ટ્રેલિયા અને કેનેડાએ ઓસ્ટ્રેલિયા-કેનેડા-ભારત ટેકનોલોજી અને નવીનતા ભાગીદારીની જાહેરાત કરી.

3) કેન્દ્ર સરકારે કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢને બંધારણની કલમ 240 હેઠળ સમાવવાનો પ્રસ્તાવ મૂક્યો.

4) ભારતીય શટલર લક્ષ્ય સેન આજે ઓસ્ટ્રેલિયન ઓપનના મેન્સ સિંગલ્સની ફાઇનલમાં જાપાનના યુશી તનાકા સામે ટકરાશે.

5) દક્ષિણ આફ્રિકા આજે બીજી અને અંતિમ ટેસ્ટમાં છ વિકેટ ૨૪૭ રનથી પોતાનો પ્રથમ દાવ ફરી શરૂ કરશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PRIME MINISTER-GLOBAL LEADER

દક્ષિણ આફ્રિકાના જોહાનિસબર્ગમાં G-20 સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અનેક વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાત કરી હતી. શ્રી મોદીએ બ્રિટિશ પ્રધાનમંત્રી કીર સ્ટારમર, મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ, ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન, જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ, દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપ્રમુખ લી જે-મ્યુંગ, સાથે પણ મુલાકાત કરી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે તેઓએ વૈશ્વિક વિકાસ પ્રત્યેની તેમની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. અને પ્રધાનમંત્રી સ્ટારમર સાથેની તેમની મુલાકાત ખૂબ સારી રહી. તેમણે કહ્યું કે આ વર્ષ ભારત-યુકે ભાગીદારીમાં નવી ઉર્જા લાવ્યું છે અને તેઓ વિવિધ ક્ષેત્રોમાં તેને આગળ વધારતા રહેશે.

પ્રધાનમંત્રી મોદીએ તેમના મલેશિયન સમકક્ષ સાથે વ્યાપક ચર્ચા કરી છે. શ્રી મોદીએ કહ્યું કે બંને દેશો દ્વિપક્ષીય સહયોગને વૈવિધ્યીકરણ કરવા માટે સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખશે. ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ સાથેની વાતચીત અંગે શ્રી મોદીએ કહ્યું કે તેમણે વિવિધ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી છે. તેમણે નોંધ્યું કે ભારત-ફ્રાન્સ સંબંધો વૈશ્વિક લાભ માટે મહત્વપૂર્ણ બળ છે. અંગોલાના રાષ્ટ્રપ્રમુખ અને આફ્રિકન યુનિયનના અધ્યક્ષ સાથે પણ ચર્ચા કરી. તેમણે જણાવ્યું કે ભારત અંગોલા સાથેની મિત્રતાને મહત્વ આપે છે અને બંને દેશો વેપાર અને સાંસ્કૃતિક સંબંધોને વધારવા માટે કામ કરી રહ્યા છે.

સમિટના પહેલા સત્રની શરૂઆત પહેલાં, શ્રી મોદીએ ઇટલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની સહિત અન્ય ઘણા નેતાઓ સાથે પણ વાતચીત કરી.

આ પહેલા, જોહાનિસબર્ગમાં G-20 સમિટ સ્થળ પર પહોંચ્યા પછી શ્રી મોદીએ દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાનો ઉષ્માભર્યા સ્વાગત અને મહત્વપૂર્ણ સમિટના આયોજન બદલ આભાર માન્યો.

# ACITI- PARTNERSHIP

ભારત, ઓસ્ટ્રેલિયા અને કેનેડાએ ઓસ્ટ્રેલિયા-કેનેડા-ભારત ટેકનોલોજી અને નવીનતા (ACITI) ભાગીદારીની જાહેરાત કરી છે, જે ઉભરતી ટેકનોલોજીમાં સહયોગ વધારવા માટે એક નવી ત્રિપક્ષીય રચના છે.

ગઈકાલે જોહાનિસબર્ગમાં G20 સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝ અને કેનેડાના પ્રધાનમંત્રી માર્ક કાર્ની વચ્ચે થયેલી બેઠક બાદ આ જાહેરાત કરવામાં આવી હતી.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે આ ભાગીદારી મુખ્ય ટેકનોલોજી અને નવીનતા ક્ષેત્રોમાં સહયોગને વિસ્તૃત કરવામાં મદદ કરશે. આ પહેલ પર વધુ કામ કરવા માટે ત્રણેય દેશોના અધિકારીઓ 2026ના પ્રથમ ક્વાર્ટરમાં મળશે.

ACITIનો ઉદ્દેશ શૂન્ય કાર્બન ઉત્સર્જન પ્રાપ્ત કરવાનો, વૈશ્વિક સપ્લાય ચેઇનના વૈવિધ્યકરણને ટેકો આપવાનો અને સુરક્ષિત તકનીકી ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાનો છે.

# UN CLIMATE DEAL BRAZIL

બ્રાઝિલમાં, વિશ્વના નેતાઓ સંયુક્ત રાષ્ટ્રના આબોહવા પરિષદમાં એક કરાર પર સંમત થયા છે જે કટોકટીનો સામનો કરવાનો પ્રયાસ કરે છે, પરંતુ કરારમાં આબોહવા પરિવર્તનને આગળ ધપાવતા અશ્મિભૂત ઇંધણને તબક્કાવાર બંધ કરવાનો કોઈ ઉલ્લેખ નથી.

આ કરારમાં આબોહવા સંબંધિત વેપાર અવરોધોની સમીક્ષા કરવાનું કહેવામાં આવ્યું છે અને વિકસિત રાષ્ટ્રોને ભારે હવામાન ઘટનાઓનો સામનો કરવામાં મદદ કરવા માટે વિકાસશીલ દેશોને આપવામાં આવતા ભંડોળના ઓછામાં ઓછા ત્રણ ગણા કરવા હાકલ કરવામાં આવી છે.

ટ્રમ્પ વહીવટીતંત્રે બેલેમમાં પ્રતિનિધિમંડળ મોકલવાનો ઇનકાર કર્યા પછી, આ વર્ષની COP30 તરીકે ઓળખાતી વાટાઘાટોમાં અમેરિકા ગેરહાજર રહ્યું હતું

# INDEPENDENT-ADMINISTRATOR-CHANDIGARH

કેન્દ્ર સરકારે  કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢને બંધારણની કલમ 240 હેઠળ સમાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જે રાષ્ટ્રપતિને કેન્દ્રશાસિત પ્રદેશ માટે નિયમો બનાવવા અને સીધા કાયદા ઘડવાની સત્તા આપે છે.

આ હેતુ માટે, લોકસભા અને રાજ્યસભાના બુલેટિન અનુસાર પહેલી ડિસેમ્બરથી શરૂ થતા સંસદના શિયાળુ સત્રમાં બંધારણ 131મા સુધારા વિધેયક 2025 રજૂ કરવામાં આવશે. જેમા કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢને કલમ 240માં સમાવવા અન્ય કેન્દ્રશાસિત પ્રદેશ અંગે પણ જોગવાઈ કરાઈ છે.

# GST – CLOTHING AND FOOTWEAR

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 22 સપ્ટેમ્બર, 2025ના રોજ, આવશ્યક દૈનિક ચીજવસ્તુઓ પરના કરમાં ઘટાડાની શરૂઆત કરી. અને આ GST બચતની જાહેરાત દેશભરના લોકોને લાભ આપી રહી છે.**

**નવા GST દરો કપડા અને જૂતા ઉત્પાદન ક્ષેત્રોમાં લોકોને કેવી રીતે મદદ કરી રહ્યા છે તેમનો અમારા સંવાદદાતા અહેવાલ આપી રહ્યા છે....**

**(VC - AKSHIT)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# TELANGNA MOIST

તેલંગાણામાં પ્રતિબંધિત સીપીઆઈ-માઓવાદી જૂથના 37 સભ્યોએ તેલંગાણાના પોલીસ મહાનિર્દેશક બી. શિવધર રેડ્ડી સમક્ષ પોતાના શસ્ત્રો સાથે આત્મસમર્પણ કર્યું. તેમાં ત્રણ વરિષ્ઠ રાજ્ય સમિતિના સભ્યો અને 25 મહિલાઓનો સમાવેશ થાય છે.

સાંભળીએ એક અહેવાલ..

(V/C: AKARSHITA-FINAL)

# BADMINTON

ભારતીય શટલર લક્ષ્ય સેન ઓસ્ટ્રેલિયન ઓપનના મેન્સ સિંગલ્સની ફાઇનલમાં પહોંચ્યા છે. ગઈકાલે સિડનીમાં રમાયેલી રોમાંચક સેમિફાઇનલમાં ચાઇનીઝ તાઈપેઈના ખેલાડીને 17-21, 24-22, 21-16થી હાર આપી હતી. લક્ષ્ય સેન આજે ફાઇનલમાં જાપાનના યુશી તનાકા સામે ટકરાશે.

ક્વાર્ટર ફાઇનલમાં પોતાના સાથી ભારતીય આયુષ શેટ્ટીને હરાવ્યા બાદ, લક્ષ્ય સેન સ્પર્ધામાં બાકી રહેલો એકમાત્ર ભારતીય શટલર છે. ચિરાગ શેટ્ટી અને સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડીની મેન્સ ડબલ્સ જોડી પણ ક્વાર્ટર ફાઇનલમાં હારી હતી અને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ હતી.

# MEN'S CRICKET

ક્રિકેટમાં, આજે દક્ષિણ આફ્રિકા બીજી અને અંતિમ ટેસ્ટ મેચના બીજા દિવસે ભારત સામે છ વિકેટે ૨૪૭ રનથી પોતાનો પ્રથમ દાવ ફરી શરૂ કરશે. આ મેચ સવારે નવ વાગ્યે શરૂ થશે.

ગઈકાલે યજમાન ટીમ તરફથી કુલદીપ યાદવે ત્રણ, જ્યારે જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને રવિન્દ્ર જાડેજાએ પ્રથમ દિવસે એક-એક વિકેટ ઝડપી હતી.

વિકેટકીપર-બેટર ઋષભ પંત આ મેચમાં ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ કરી રહ્યા છે. કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાયેલી બે મેચોની શ્રેણીની પ્રથમ ટેસ્ટમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને ૩૦ રનથી હરાવ્યું હતું.

# HOCKEY-SULTAN AZLAN CUP

હોકીમાં, ભારતીય પુરુષ ટીમ આજે મલેશિયાના ઇપોહમાં 31મા સુલતાન અઝલાન શાહ કપ સ્પર્ધાના પ્રથમ મેચમાં દક્ષિણ કોરિયા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 1:30 વાગ્યે શરૂ થશે. આ સ્પર્ધા આ મહિનાની 30મી તારીખ સુધી રમાશે. આ વર્ષની આવૃત્તિમાં ભારત, બેલ્જિયમ, કેનેડા, કોરિયા, ન્યુઝીલેન્ડ અને યજમાન મલેશિયા ભાગ લેશે.

પાંચ વખત સ્પર્ધા જીતીને, ભારત સુલતાન અઝલાન શાહ કપમાં બીજા ક્રમની સૌથી સફળ ટીમ છે. દક્ષિણ કોરિયા સામેની પ્રથમ મેચ પછી, સંજય રાણાની આગેવાની હેઠળની ભારતીય ટીમ આવતીકાલે તેમની બીજી મેચમાં બેલ્જિયમ સામે રમશે. અને ત્યારબાદ આ મહિનાની 26મી તારીખે મલેશિયા

અને 27મી નવેમ્બરે ન્યુઝીલેન્ડ સામે રમશે. ભારત 29 નવેમ્બરે કેનેડા સામે પોતાનું લીગ સ્ટેજ અભિયાન પૂર્ણ કરશે.

# AIR QUALITY

દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં હવાની ગુણવત્તામાં ગંભીર વધારો થયો છે. જેના કારણે, હવા ગુણવત્તા વ્યવસ્થાપન આયોગે રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી માટે તબક્કાવાર કાર્ય યોજનામાં સુધારો કર્યો છે.

આયોગે ગ્રેપ-3 હેઠળ ગ્રેપ-4 ના પગલાં લાગુ કરવાનો નિર્ણય લીધો છે.આ પગલાંમાં સરકારી, ખાનગી અને મ્યુનિસિપલ કચેરીઓમાં 50 ટકા કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી આપવાનો સમાવેશ થાય છે. આયોગે તેના અમલ માટે જવાબદાર તમામ વિભાગોને નિર્દેશ આપ્યો છે.

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ વિવિધ વિસ્તારોમાં રેસિડેન્ટ વેલ્ફેર એસોસિએશન (RWA) ને ઇલેક્ટ્રિક હીટરનું વિતરણ કર્યું. આ પ્રસંગે બોલતા, શ્રીમતી ગુપ્તાએ જણાવ્યું હતું કે આ પહેલનો હેતુ શિયાળાની ઋતુમાં ખુલ્લી આગને કારણે થતા ધુમાડા અને પ્રદૂષણને ઘટાડવાનો છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ વેગડા

- આજના મોટાભાગના અખબારોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના G 20 શિખર બેઠકમાં સંબોધનના સમાચારને  મુખ્ય શીર્ષકમાં સ્થાન આપ્યું છે
- સંદેશ લખે છે- ડ્રગ ટેરર નેક્સ્સ સામે લડવા G 20 એક નવી ટીમ તૈયાર કરે: મોદી
- નવગુજરાત સમયનું મુખ્ય શીર્ષક છે - પીએમ મોદીનો G 20  સમિટમાં ડ્રગ્સ-આતંકના જોડાણ પર પ્રહાર
- ફુલછાબે - જુના વિકાસ મોડલમાં બદલાવ જરૂરી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ નિવેદનએ મુખ્ય શીર્ષકમાં સ્થાન આપ્યું છે
- સ્થાનિક પાને ગુજરાત સમાચાર લખે છે અમદાવાદ સહિત ગુજરાતભરમાં ઠંડી ઘટી તાપમાન ૨ ડીગ્રી વધ્યું.